Gujarat Deceased Donor Organ and Tissue Transplantation Guidelines (G-DOT માર્ગદર્શિકા) માં જરૂરી સુધારા બહાર પાડવા બાબત.

ગુજરાત સરકાર,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
સુધારા ઠરાવ ક્રમાંક- એચ.ઓ.ટી/૧૦૨૦૨૩/SFS-03/સ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૨૦/૦૬/૨૦૨૩

વંચાણે લીધા:-

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૨૩/૦૧/૨૦૧૯ નો ઠરાવ ક્રમાંક: મકમ/૧૦૧૮/એસએફએસ-૬૯/સ

(૨) ભારત સરકારનો તા.૨૦/૦૪/૨૦૨૩ નો પત્ર ક્રમાંક: D.O.NO-H.12011/03/2023-MS

(૩) કન્વીનરશ્રી, SOTTO, ગુજરાતનો તા.૧૦/૦૫/૨૦૨૩ નો ઇ-મેઇલ.

(૪) કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની તા.૧૬/૦૫/૨૦૨૩ ની એસ.એફ.એસ. દરખાસ્ત.

**આમુખ:-**

વંચાણે લીધેલ ક્રમ-(૧) પરના તા.૨૩/૦૧/૨૦૧૯ ના ઠરાવથી Gujarat Deceased Donor Organ and Tissue Transplantation Guidelines (G-DOT માર્ગદર્શિકા) પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. ભારત સરકારશ્રીના ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક-(૨) પરના તા.૨૦/૦૪/૨૦૨૩ ના પત્ર અન્વયે આ માર્ગદર્શિકામાં જરૂરી સુધાર. કરવા કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ દ્વારા અત્રે એસ.એફ.એસ. થી દરખાસ્ત કરવામાં આવેલ છે. સદર દરખાસ્ત પરત્વે G-DOT માર્ગદર્શિકામાં જરૂરી સુધારા કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**સુધારા ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે, તા.૨૩/૦૧/૨૦૧૯ ના ઠરાવથી અગાઉ પ્રસિધ્ધ કરેલ G-DOT માર્ગદર્શિકામાં નીચે દર્શાવ્યા મુજબના સુધારા કરવાનું આથી ઠરાવવામાં આવે છે:-

૧. G-DOT માર્ગદર્શિકાના ક્રમ નં-૧૩.૧ અન્વયે મૃત દાતાના અંગ પ્રત્યારોપણ માટે દર્દીઓની નોંધણી કરવા માટે ડોમિસાઈલ સર્ટીફિકેટની જરૂરીયાતને દૂર કરવામાં આવે છે.

૨. G-DOT માર્ગદર્શિકાના ક્રમ નં-૧૩.૧૦ (B) (૨) અન્વયે બિન સરકારી બિન-ટ્રાન્સપ્લાન્ટ OTRH ના કેડેવરને પાંચ પોઈન્ટનું રોસ્ટર લાગુ પડશે અને રોસ્ટર રજિસ્ટર ક્રમ મુજબ ૧, ૩ અને ૫ ક્રમનું અંગ કોમન પુલમાં ક્રમાનુસાર બિન સરકારી હોસ્પિટલોને મળવા પાત્ર રહેશે તથા ૨ અને ૪ ક્રમનું અંગ સરકારી ટ્રાન્સપ્લાન્ટ હોસ્પિટલોને મળશે.

૩. G-DOT માર્ગદર્શિકાના ક્રમ નં-૧૩.૧૦ (C) (૨) અન્વયે મૃત દાતા પ્રત્યારોપણ માટે નોંધણી માટેની ફી દૂર કરવામાં આવે છે.

૪. વંચાણે લીધેલ ક્રમ-(૨) પરના ભારત સરકારના તા.૨૦/૦૪/૨૦૨૩ ના પત્રમાં સૂચવ્યા મુજબ, National Organ and Tissue Transplantation (NOTTO) ની અગાઉની ગાઈડલાઈન મુજબ ૬૫ વર્ષથી નીચેની વયના વ્યક્તિ જ નોધણી કરાવી શકે તેવી વય મર્યાદાની જોગવાઈમાં સુધારો કરીને, હવેથી કોઇ પણ વયના વ્યક્તિઓ કે જેમને અંગ પ્રત્યારોપણ માટે મૃત દાતા અંગની જરૂર હોય તેવા વ્યક્તિઓ કોઇ પણ ઉપલી વયમર્યાદા સિવાય પ્રતિક્ષાસૂચિની રજીસ્ટ્રીમાં નોંધણી કરાવી શકશે.

૫. G-DOT માર્ગદર્શિકા સાથેના ANNEXURE-2 માં "DSA (Donor Specific Antigen) ને બદલે, "SA (Single Antigen)" વંચાણે લેવાનું રહેશે.

વંચાણે લીધેલ ક્રમ-(૧) પરના તા.૨૩/૦૧/૨૦૧૯ ના ઠરાવની અન્ય બાબતો/જોગવાઇઓ યથાવત રહેશે.

પ્રસ્તુત ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વનરાજસિંહ પઢારીયા)
નાયબ સચિવ,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (આ.પ.ક.વિ.) ના અંગત સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (ગૃહ) ના અંગત સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ, તબીબી શિક્ષણ અને સંશોધન, બ્લોક નં.૫, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

- પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, પોલીસ ભવન, ગાંધીનગર.
- વાઇસ ચાન્સેલરશ્રી, ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિઝ, સિવિલ હોસ્પિટલ કેમ્પસ, અમદાવાદ.
- સચિવશ્રી, કાયદા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી (તબીબી શિક્ષણ), તબીબી શિક્ષણ અને સંશોધનની કચેરી, બ્લોક નં.૪, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી (તબીબી સેવાઓ), કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ, તબીબી શિક્ષણ અને સંશોધનની કચેરી, બ્લોક નં.૫, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર. બ્લોક નં.૫, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી (જાહેર આરોગ્ય), કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ, તબીબી શિક્ષણ અને સંશોધનની કચેરી, બ્લોક નં.૫, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી (પરિવાર કલ્યાણ), કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ, તબીબી શિક્ષણ અને સંશોધનની કચેરી, બ્લોક નં.૫, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર. ગાંધીનગર.
- નિયામકશ્રી, ઇન્સ્ટિટ્યુટ ઓફ કિડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ.
- નિયામકશ્રી, યુ.એન.મહેતા ઇન્સ્ટિટ્યુટ ઓફ કાર્ડિયોલોજી, અમદાવાદ.
- નિયામકશ્રી, ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઇન્સ્ટિટ્યુટ, અમદાવાદ.
- કન્વીનરશ્રી, કેડેવર ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ પ્રોગ્રામ (SOTTO), સિવિલ હોસ્પિટલ કેમ્પસ, અમદાવાદ.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, GMERS, ગાંધીનગર.
- તબીબી અધિક્ષકશ્રી, સિવિલ હોસ્પિટલ, અમદાવાદ/ રાજકોટ/ સુરત/ વડોદરા/ ભાવનગર/ જામનગર.
- ડીનશ્રી, સરકારી મેડીકલ કોલેજ, અમદાવાદ/રાજકોટ/સુરત/વડોદરા/ભાવનગર/જામનગર.
- તબીબી અધિક્ષકશ્રી, GMERS મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ, ગાંધીનગર, સોલા-અમદાવાદ, ગોત્રી- વડોદરા, જુનાગઢ, વલસાડ, ધારપુર-પાટણ, હિંમતનગર, વડનગર.
- ડીનશ્રી, GMERS મેડીકલ કોલેજ, ગાંધીનગર, સોલા-અમદાવાદ, ગોત્રી-વડોદરા, જુનાગઢ, વલસાડ, ધારપુર-પાટણ, હિંમતનગર, વડનગર.
- ડીનશ્રી, સરકારી ડેન્ટલ મેડીકલ કોલેજ, અમદાવાદ, જામનગર.
- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી તમામ (અધિક નિયામકશ્રી, જાહેર આરોગ્ય, ગાંધીનગર મારફત)
- મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રી તમામ (અધિક નિયામકશ્રી, તબીબી સેવાઓ, ગાંધીનગર મારફત)
- શાખા સિલેક્ટ ફાઈલ-૨૦૨૩
- ના.સે.અ. સિલેક્ટ ફાઈલ-૨૦૨૩
- સિસ્ટમ મેનેજરશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ આ ઠરાવ વિભાગની વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવાની વિનંતી સહ.